ગાંધીનગર સમાચાર



# ભારત રત્ન અબ્દુલ કલામની આજે સન્માન સાથે દફનવિધિ

નવીદિલ્હી,તા. ૨૯

સ્વર્ગસ્થ રાષ્ટ્રપતિ અબ્દુલ કલામના આવતીકાલે સંપૂર્ણ રાજકીય સન્માન સાથે તેમના વતન રામેશ્વરમ ખાતે અંતિમ સંસ્કાર કરવામાં



આવનાર છે. અંતિમ સંસ્કારમાં અનેક કેન્દ્રીય મંત્રીઓ પણ પહોંચનાર છે જેમાં ટોચના નેતાઓનો સમાવેશ થાય છે. અબ્દુલ કલામને શ્રદ્ધાંજલિ આપવા માટે આજે તેમના રામેશ્વરમ ખાતેના આવાસ ઉપર પણ મોટી સંખ્યામાં લોકો એકત્રિત થયા હતા. તેમના પસંદગીના નેતાને અંતિમ વિદાય આપવા માટે અને શ્રદ્ધાંજલિ આપવા માટે હજારો લોકો લાઈનમાં ઉભેલા નજરે પડ્યા હતા. નાલંદા જિલ્લાના રાજગીર પોલીસ સ્ટેશન હેઠળ તિલખી ગામના નિવાસી અબ્દુલ કલામનું અવસાન થયું છે તે સાંભળ્યા બાદથી ભોજન કરવાનું બંધ કરી દીધું છે. આવતીકાલે તમિળનાડુ સરકારે જાહેર રજા જાહેર કરી છે. શ્રમ વિભાગે આવતીકાલે રજા જાહેર કરવા તમામ ઔદ્યોગિક પેઢીઓને સૂચના આપી છે. અગાઉ કલામનો મૃતદેહ રામેશ્વરમ ખાતે લાવવામાં આવ્યો હતો. તેમને અંતિમ શ્રદ્ધાંજલિ આપવા માટે સ્કૂલ અને કોલેજના વિદ્યાર્થીઓ પણ ઉપસ્થિત રહ્યા હતા. તેમનું મંદાપમ નજીક પકારામંબુ ખાતે દફનવિધિ કરવામાં આવનાર છે. અગાઉ તેમના પાર્થિવ દેહને શિલોંગથી નવી દિલ્હી લાવવામાં આવ્યો હતો. ત્યારબાદ તેમના અંતિમ દર્શન માટે તેમના પાર્થિવ દેહને રાજાજી માર્ગ ખાતે મુકવામાં આવ્યો હતો. દેશે અબ્દુલ કલામને શ્રદ્ધાંજલિ આપી હતી. ભારતના ૧૧મા રાષ્ટ્રપતિ ભારતરત્ન અબ્દુલ કલામનું ૨૭મી જુલાઈના દિવસે શિલોંગમાં અવસાન થયું હતું. પૂર્વ રાષ્ટ્રપતિ અબ્દુલ કલામ ૨૭મી જુલાઈના દિવસે સાંજે ૬.૩૦ વાગ્યે આઈઆઈએમ શિલોંગમાં એક કાર્યક્રમ દરમિયાન પડી ગયા હતા. ત્યારબાદ તેમને તરત જ હોસ્પિટલ ખસેડાયા હતા. જ્યા તેમને બચાવી લેવાના તમામ પ્રયાસો નિષ્ફળ રહ્યા હતા. સોમવારે અબ્દુલકલામ લિવેબલ પ્લાનેટ અર્થ ઉપર એક કાર્યક્રમમાં હાજરી આપવા માટે શિલોગ પહોંચ્યા હતા. કલામ ૨૫મી જુલાઈ ૨૦૦૨થી ૨૫મી જુલાઈ ૨૦૦૭ દરમિયાન ભારતના રાષ્ટ્રપતિ તરીકે રહ્યા હતા. ૧૫મી ઓક્ટોબર ૧૯૩૧ના દિવસે રામેશ્વરમમાં અબ્દુલ કલામનો જન્મ થયો હતો. પ્રોફેશનથી તેઓ પ્રોફેસર, લેખક અને એરોસ્પેશના વૈજ્ઞાનિક તરીકે રહ્યા હતા. પરમાણુ કાર્યક્રમના પિતા તરીકે તેમને ગણવામાં આવે છે. અબ્દુલકલામે ભૌતિક વિજ્ઞાન અને એરોસ્પેસમાં એન્જિનિયરિંગમાં અભ્યાસ કર્યો હતો. તેઓ ચાર દશક સુધી વૈજ્ઞાનિક અને સાયન્સ એડમિનિસ્ટ્રેટર તરીકે રહ્યા હતા. ડિફેન્સ રિસર્ચ ડેવલોપમેન્ટ ઓર્ગેનાઈઝેશનમાં પણ તેઓ રહ્યા હતા. ઈસરો સાથે પણ તેઓ જોડાયેલા રહ્યા હતા. તેઓ ભારતના નાગરીક અંતરીક્ષ કાર્યક્રમમાં પણ રહ્યા હતા. મિસાઈલ મેન ઓફ ઈન્ડિયા તરીકે પણ તેમની નોંધ લેવામાં આવી હતી. બેલાસ્ટીક મિસાઈલના વિકાસમાં તેમની ઉલ્લેખનીય ભૂમિકા રહી હતી. તેઓએ પોખરણ-૨ પરમાણુ ટેસ્ટમાં અતિમહત્વપૂર્ણ ભૂમિકા ભજવી હતી. ૨૦૦૨માં કલામ ભારતના રાષ્ટ્રપતિ બન્યા હતા. ભાજપ અને કોંગ્રેસ બન્નેનો તેમને ટેકો મળ્યો હતો અને પાંચ વર્ષ સુધી સેવા કર્યા બાદ તેઓ શૈક્ષણિક, લેખનમાં પરત ફર્યા હતા. તેમને અનેક પ્રતિષ્ઠાજનક એવોર્ડ મળી ચુક્યા છે જેમાં ભારતના સર્વોચ્ચ નાગરીક સન્માન ભારત રત્નનો પણ સમાવેશ થાય છે. તમિલ મુસ્લિમ પરિવારમાં તેમનો જન્મ થયો હતો.

## સંયુક્ત રાષ્ટ્ર દ્વારા કલામને સન્માન અપાયું

## કલામના જન્મદિનને વર્લ્ડ સ્ટુડન્ટ ડે તરીકે મનાવાશે

નવીદિલ્હી,તા. ૨૯

ભૂતપૂર્વ રાષ્ટ્રપતિ અબ્દુલ કલામના જન્મદિવસને વર્લ્ડ સ્ટુડન્ટ ડે તરીકે મનાવવાની સંયુક્ત રાષ્ટ્ર દ્વારા જાહેરાત કરી દેવામાં આવી છે. તેમના ૭૯માં જન્મદિવસ પહેલા મહાન વૈજ્ઞાનિકને સન્માનના ભાગરુપે આ અંગેની જાહેરાત કરવામાં આવી છે. ૧૫મી ઓક્ટોબરને વિશ્વભરના વિદ્યાર્થીઓ વર્લ્ડ સ્ટુડન્ટ ડે તરીકે મનાવશે. તેમના જીવન દરમિયાન કલામની હંમેશા ઈચ્છા હતી કે, લોકો દ્વારા એક ટીચર તરીકે તેમને વધારે યાદ કરવામાં આવે. અબ્દુલ કલામને ૧૯૯૦માં પદ્મવિભૂષણ અને ૧૯૮૧માં પદ્મભૂષણથી સન્માનિત કરવામાં આવ્યા હતા. ઈસરો અને ડીઆરડીઓમાં તેમની શ્રેષ્ઠ કામગીરી બદલ તેમને આ એવોર્ડથી સન્માનિત કરાયા હતા. ભારતમાં ડિફેન્સ ટેકનોલોજીના આધુનિકીકરણ અને વૈજ્ઞાનિક સંશોધનમાં યોગદાન બદલ તેમને ભારત રત્નથી પણ સન્માનિત કરવામાં આવ્યા હતા. વર્ષ ૨૦૦૫માં સ્વિત્ઝર્લેન્ડ સરકારે યુરોપિયન દેશની યાત્રા દરમિયાન કલામનું સન્માન કરવા સાયન્સ ડે તરીકે ૨૬મી મેને મનાવવાની જાહેરાત કરી હતી. બેચરલ રહેલા પૂર્વ રાષ્ટ્રપતિ વીણા પ્લેયર પણ હતા. તેઓ કર્ણાટીક સંગીતમાં ખાસ રસ ધરાવતા હતા. સમગ્ર લાઈફ દરમિયાન તેઓ વેઝિટેરિયન રહ્યા હતા. વિંગ ઓફ ફાયર, ઈન્ડિયા-૨૦૨૦, માઈ જરની એન્ડ ઈગ્નાઈટ માઈન્ડ જેવા પુસ્તકો કલામ દ્વારા લખવામાં આવ્યા હતા. તેમના પુસ્તકો ઘણી ભારતીય ભાષાઓમાં ટ્રાન્સલેટ પણ થઈ ચુક્યા છે. અબ્દુલ કલામ ૨૦૦૨થી ૨૦૦૭ દરમિયાન ભારતના રાષ્ટ્રપતિ તરીકે રહ્યા હતા. અબ્દુલ કલામની લાઈફ હંમેશા અન્યો માટે પ્રેરણા સમાન રહી છે.

## મહારાષ્ટ્ર : થાણેમાં ઇમારત ધરાશાયી થતા પાંચના મોત

થાણે,તા. ૨૯

મહારાષ્ટ્રના થાણેમાં મંગળવારે મોડી રાત્રે એક ચાર માળની ઈમારત ધરાશાયી થઈ જતા ઓછામાં ઓછા પાંચ લોકોના મોત થઈ ગયા છે. જ્યારે અન્ય અનેક લોકો કાટમાળ હેઠળ ફસાઈ ગયા હોવાના અહેવાલ મળ્યા છે. ક્ષેત્રીય ઈમરજન્સી મેનેજમેન્ટ સમિતીના અધિકારીએ કહ્યું છે કે ગઈકાલે મોડી રાત્રે આશરે ૧૦.૪૦ વાગે આ બનાવ બન્યો હતો. ભારે વરસાદના કારણે આ બનાવ બન્યો હતો. બનાવ બન્યા બાદ મોટા પ્રમાણમાં બચાવ અને રાહત કામગીરી હાથ ધરવામાં આવી હતી. ફાયર બ્રિગેડની આઠ ગાડી ઘટનાસ્થળે મોકલી દેવામાં આવી હતી. બચાવ અને રાહત કામગીરીમાં સામેલ ટુકડીએ હજુ સુધી ૨૨ લોકોને બચાવી લેવામાં સફળતા મેળવી હતી. આ ઈમારત આશરે ૩૫ વર્ષ જુની હોવાના અહેવાલ મળ્યા છે. અધિકારીઓએ કહ્યું હતું કે કાટમાળ હેઠળ ફસાઈ ગયેલા લોકો અંગે માહિતી મળી શકી નથી. પરંતુ લોકો ફસાયેલા છે. થાણે, કલ્ણ અને ભિવન્ડીમાંથી મોટી સંખ્યામાં ટીમો ઘટનાસ્થળે પહોંચી ગઈ હતી.ભારે વરસાદના કારણે બચાવ અને રાહત કામગીરીને માઠી અસર થઈ હતી. એક સ્થાનિક નિવાસીએ માહિતી આપતા કહ્યું છે કે આશરે ૧૨-૧૫ પરિવાર ઈમારતમાં ફસાયેલા છે.આવી સ્થિતીમાં મોતનો આંકડો વધી શકે છે. અધિકારીઓએ કહ્યું છે કે આ ઈમારતનુ નામ ભયજનક ઈમારતની યાદીમાં હતુ. ઈમારતમાં રહેતા લોકોને અનેક વખત નોટીસ પણ આપવામાં આવી હતી.

## વિચારોના મધુવનમાં (પાના નં. ૪ નું ચાલુ)

શરીર બને છે , બગડે છે અને અટકીને સડે છે. જેને રોકી શકાતું નથી. મૃત્યુ પણ તેની લીલા લઈને પધારે છે. મૃત્યુનો સમય નક્કી કરવા માટે પહેલાં મૃતદેહની વિઘટનની પ્રક્રિયા જાણવી જરૂરી છે. મૃત્યુની અમુક મિનિટો પછી વિઘટન શરૂ થઈ જાય છે. આ પ્રક્રિયાને અંગ્રેજીમાં ઑટોલિસિસ કહે છે અથવા સ્વપાચન કહે છે. હૃદય ધબકતું બંધ થઈ જાય પછી કોષોને ઑક્સિજન મળતો અટકી જાય છે. તેની અંદર ઝેરી તત્ત્વો વધવા લાગે છે અને તેના કારણે એસિડિટી વધી જાય છે. ઉત્સેચક કોષની અંતરત્વચાને ખાવાનું શરૂ કરી દે છે. સામાન્ય રીતે આ પ્રક્રિયા યકૃત (લિવર)માં શરૂ થાય છે. યકૃતમાં ઉત્સેચકો વધુ પ્રમાણમાં હોય છે. તે પછી મગજમાં આ પ્રક્રિયા શરૂ થાય છે. દેહનું તાપમાન ઘટવા લાગે છે. મૃતદેહ અકડાવા લાગે છે. તેને રિગોર મોર્ટિસ કહે છે.મૃત્યુનો સમય જાણવા માટે જે જરૂરી છે તે છે મૃતદેહ સંબંધી પર્યાવરણ પ્રણાલિ કાડાવેરિક ઈકોસિસ્ટમને જાણવી. આપણા શરીરમાં મોટા પ્રમાણમાં બૅક્ટેરિયા રહેલા હોય છે. તેમાંના મોટા ભાગના આપણા નાના આંતરડા અને મોટા આંતરડા વચ્ચેની કેનાલ જેને ગટ કહે છે, તેમાં રહેતા હોય છે. અત્યારે જીવવિજ્ઞાનમાં આ ગટ માઈક્રોબાયોમી (Gut Microbiome)સંશોધન માટે ખૂબ જ માનીતો વિષય છે. માણસ મૃત્યુ પામે પછી આ માઈક્રોબાયોમી અથવા સૂક્ષ્મ.

જયવંત પંડ્યા લખે છે કે જંતુઓનું શું થાય છે તેના વિશે તાજેતરમાં થયેલાં સંશોધનોથી કેટલોક પ્રકાશ પડ્યો છે. મૃત્યુ પછી આપણું પ્રતિકાર તંત્ર (ઈમ્યૂન સિસ્ટમ) કામ કરતું બંધ થઈ જાય છે જેથી આ સૂક્ષ્મ જંતુઓને શરીરમાં જયાં જવું હોય ત્યાં જવા મોકળું મેદાન મળી જાય છે. સામાન્ય રીતે તેની શરૂઆત ગટમાંથી થાય છે. તેઓ આંતરડાને ખાવા લાગે છે, તે પછી પાચન તંત્રના અન્ય અવયવોનો વારો લે છે અને તે પછી હૃદય, મગજ તરફ આગળ વધે છે.

અમેરિકાના મોન્ટગોમેરીની અલ્બામા સ્ટેટ યુનિવર્સિટીનાં ફોરેન્સિક વૈજ્ઞાનિક ગુલનાઝ જાવાન અને તેમના સાથીઓએ 'થેનેટોમાઈક્રોબાયોમી (ગ્રીક શબ્દ થેનેટોસ એટલે મૃત્યુ) પર અભ્યાસ કર્યો હતો, જે પ્રકાશિત થયો. જાવન અને તેમના સાથીઓએ ૧૧ મૃતદેહોમાંથી યકૃત, બરોળ, મગજ, હૃદય અને લોહીના નમૂના લીધા. તેમના મૃત્યુના ૨૦થી ૨૪૦ કલાક પછી આ નમૂના લેવામાં આવ્યા હતા. તેમાં બે અલગઅલગ આધુનિક ડીએનએ સિક્વન્સિંગ ટૅક્નૉલૉજીનો ઉપયોગ કરાયો હતો. તેમને જણાયું કે એક જ મૃતદેહનાં વિવિધ અંગોના નમૂના એક સરખા હતા જયારે તે બીજા મૃતદેહના એ જ અવયવના નમૂના કરતાં અલગ હતા. તેનું આંશિક કારણ કદાચ એ હોઈ શકે કે અભ્યાસમાં સંકળાયેલી વ્યક્તિઓના સૂક્ષ્મ જીવો (માઈક્રોબાયોમી)ની રચનામાં તફાવત હોય છે. બીજું કારણ એ હોઈ શકે કે તે લોકોના મૃત્યુ પછી પસાર થયેલો સમય અલગઅલગ હતો.

રસપ્રદ વાત એ પણ છે કે વિઘટન પામતો દેહ તેની નીચે જે માટી રહેલી છે તેના રસાયણોમાં પણ ફેરફાર કરે છે. પરિણામે એક રીતે ત્યાં મૃતદેહ ટાપુ બની જાય છે. એક અંદાજ મુજબ, સરેરાશ માનવ દેહ ૩૨ ગ્રામ નાઈટ્રોજન, ૧૦ ગ્રામ ફોસ્ફરસ, ૪ ગ્રામ પોટેશિયમ અને ૧ ગ્રામ મેગ્નેશિયમ માટીમાં મુક્ત કરે છે. શરૂઆતમાં નાઈટ્રોજનના ઝેરીપણાના લીધે જે કંઈ વનસ્પતિ હોય છે તે સૂકાઈ જાય છે. જોકે બાદમાં આ વિઘટન પર્યાવરણ માટે ફાયદારૂપ સાબિત થાય છે. આમ, જયાં મૃતદેહને દાટવામાં આવ્યો હોય ત્યાંની માટીના વિશ્લેષણથી પણ મૃતદેહના મૃત્યુના સમયનો અંદાજ મળી શકે છે. મૃતદેહની વિઘટનની પ્રક્રિયા જાણીને સ્મશાન વૈરાગ્ય જાગી શકે, પરંતુ અંતે તો આ એક સત્ય છે. અપરાધનો ભેદ ઉકેલવા માટે આ અભ્યાસ જરૂરી પણ છે.

## યાકુબની અરજી સુપ્રીમે ફગાવી

### ફાંસી આપવા માટેનું કાઉન્ટ ડાઉન શરૂ કરાયું : મુંબઈમાં હાઈએલર્ટની જાહેરાત : તમામ પોલીસ જવાનોની રજા રદ કરવામાં આવી

નવીદિલ્હી,તા. ૨૯

મુંબઈ હુમલાના દોષિત યાકૂબ મેમણને ફાંસી આપી દેવાની ભલામણ કેન્દ્રીય ગૃહમંત્રાલય દ્વારા કરવામાં આવી હોવાનું જાણવા મળ્યું છે. આજે દિવસ દરમિયાન ભારે સસ્પેન્સની સ્થિતિ રહી હતી. સુપ્રીમ કોર્ટે ક્યુરેટિવ અરજીને ફગાવી દીધા બાદ યાકૂબને ફાંસી આપવા પ્રણવ મુખરજીને મોદી સરકારે ભલામણ કરી છે. મુંબઈ હુમલાના દોષિત યાકૂબ મેમણના ડેથ વોરંટ ઉપર સુપ્રીમ કોર્ટે અગાઉ મહત્વપૂર્ણ ચુકાદો આપ્યો હતો. ડેથ વોરંટને પડકાર ફેંકતી યાકૂબની અરજીને કોર્ટે ફગાવી દીધી હતી જેથી યાકૂબને ફાંસી ડેથ વોરંટની દ્રષ્ટિએ આવતીકાલે થશે તેવી સ્થિતિ સર્જાઈ ગઈ હતી. સુપ્રીમ કોર્ટમાં ત્રણ જજની બેંચે યાકૂબ મેમણના ડેથ વોરંટને લઈને દાખલ કરવામાં આવેલી અરજી ઉપર સુનાવણી કરવામાં આવી હતી આ અરજીમાં યાકૂબે પોતાના ડેથ વોરંટને ગેરકાયદે ગણાવીને તેને ફગાવી દેવાની માંગ કરી હતી. આ અગાઉ તેમાં સુનાવણી કરી રહેલા બે જજની બેચમાં મતભેદ હોવાના કારણે મામલો ચીફ જસ્ટિસ પાસે પહોંચ્યો હતો.




યાકૂબના વકીલ દ્વારા આજે બીજી ક્યુરેટિવ અરજી પણ દાખલ કરવામાં આવી હતી જેને સુપ્રીમ કોર્ટે ફગાવી દીધી હતી. આનાથી સ્પષ્ટ થઈ ગયું હતું કે, યાકૂબને ફાંસી નિશ્ચિત છે પરંતુ ફાંસીના સમયને લઈને અસમંજસની સ્થિતિ રહી હતી.

ડેથ વોરંટ પર સુપ્રીમ કોર્ટના નિર્ણયથી થોડાક સમય પહેલા જ મહારાષ્ટ્રના રાજયપાલે પણ યાકૂબની દયાની અરજીને ફગાવી દીધી હતી. નાગપુરમાં યાકૂબને ફાંસી આપવાનો તખ્તો ગોઠવાઈ ગયો હતો. પુણેમાં યરવાડા જેલમાં કસાબને ફાંસી આપનાર જલ્લાદ જ મેમણને પણ ફાંસી આપે તેવી શક્યતા છે. બાબુ જલ્લાદ તરીકે લોકપ્રિય આ હેંગમેન ગઈકાલે નાગપુર પહોંચી ગયો હતો. જો કે, મેમણની ફાંસીને લઈને સસ્પેન્સની સ્થિતિ રહી હતી પરંતુ નાગપુરની સેન્ટ્રલ જેલમાં તેને ફાંસી આપવાને લઈને તૈયારીઓ જારી રહી હતી. ગયા સપ્તાહમાં જ કોન્સ્ટેબલ પણ નાગપુર પહોંચી ગયા હતા. ફાંસીના સ્થળની મુલાકાત પણ લઈ લેવામાં આવી છે.

## જનરલ મોટર્સ ભારતમાં જંગી રોકાણ કરવા તૈયાર

નવીદિલ્હી,તા. ૨૯

અમેરિકાની કાર બનાવતી મહાકાય કંપની જનરલ મોટર્સ ભારતમાં એક અબજ ડોલરનું મૂડીરોકાણ કરવા માટે તૈયાર થયેલી છે. ભારતને ચાવીરુપ મેન્યુફેક્ચરિંગ હબ બનાવવાની પણ તેની યોજના રહેલી છે. મહારાષ્ટ્રમાં કંપનીના કાલેગાંવ પ્લાન્ટમાં આ રોકાણ કરવામાં આવશે. જનરલ મોટર્સના ગ્લોબલ હેડ દ્વારા આ અંગેની જાહેરાત કરી દેવામાં આવી છે. ભારતમાં લકઝરી કાર બનાવતી કંપનીઓની બોલબાલા વધી રહી છે. ભારતમાં કાર ખરીદનારાઓની સંખ્યા દિનપ્રતિદિન વધી પણ રહી છે. આને લઈને સ્થિતિમાં ઉલ્લેખનીય સુધારો થઈ રહ્યો છે. માત્ર જનરલ મોટર્સજ નહીં બલ્કે અન્ય મોટી કંપનીઓ પણ જંગી રોકાણ કરવા માટે તૈયાર થયેલી છે. ભારતના મોટાભાગના રાજ્યો કરતા ગુજરાત અને મહારાષ્ટ્ર તથા તમિળનાડુમાં વધારે પ્રમાણમાં રોકાણ કરવામાં આવી રહ્યુંછે. જનરલ મોટર્સની કારની બોલબાલા ભારતમાં પહેલાથી જ જોવા મળી છે.

## નવા વિમાન માટે બોઇંગ અને એરબસ સ્પાઈસની વાતચીત

નવીદિલ્હી,તા. ૨૯

બજેટ એરલાઈન્સ સ્પાઈસ જેટ લિમિટેડની બોઈંગ અને એરબસ ગ્રુપ સાથે વાતચીત ચાલી રહી છે. ૧૦૦ જેટ વિમાનોની ખરીદી માટે આ વાતચીત ચાલી રહી છે. ચીફ ફાયનાન્સિયલ ઓફિસર દ્વારા આ મુજબની વાત કરવામાં આવી છે. આ સોદાબાજી આશરે ૧૧ અબજ ડોલરની રહી શકે છે. સ્પાઈસ જેટ વધુ એર બસ એ-૩૨૦ અને બોઈંગ ૭૩૭ મેક્સ વિમાનો ખરીદવાની યોજના ધરાવે છે. કિરણ કોટેશ્વર દ્વારા આ મુજબની માહિતી આપવામાં આવી છે. ગયા વર્ષે લગભગ પતનની સ્થિતિ થઈ ગયા બાદ સ્પાઈસની સ્થિતિ હવે મજબૂત બની છે. આ નાણાંકીય વર્ષના અંત સુધી ઓર્ડર આપી દેવામાં આવશે. સ્પાઈસ જેટે વિસ્તરણ માટેની તેમની યોજના તૈયાર કરી લીધી છે. ભારતમાં બીજા સૌથી મોટા લોકોસ્ટ કેરિયર સ્પાઈસ જેટની હાલત ખુબ જ કફોડી બની ગઈ હતી. જાન્યુઆરી મહિનામાં તેના નવા ચેરમેન અજયસિંહે જવાબદારી સંભાળી તે પહેલા સ્પાઈસની સ્થિતિ બંધ જેવી થઈ ગઈ હતી. સ્પાઈસ જેટ પાસે ૨૦ બોઈંગ નેરો બોડીના જેટ વિમાનો છે. જૂનમાં તેની માર્કેટ હિસ્સેદારી ૧૨ ટકા સુધી ઘટી હતી. સ્પાઈસને એક વખતે તેના બિઝનેસમાં કાપ મુકવાની પણ ફરજ પડી હતી. માર્કેટ હિસ્સેદારીની દ્રષ્ટિએ ભારતની સૌથી મોટી એરલાઈન અને નફામાં રહેલી ઈન્ડિગોએ એક જ પ્રકારના વિમાનો માટે ઓર્ડર આપીને ખર્ચનું પ્રમાણ નીચું રાખ્યું છે. તેના શેરમાં ગઈકાલે ૩.૨ ટકાનો ઉછાળો નોંધાયો હતો. સ્પાઈસ જેટની સ્થિતિ હાલમાં ફરી એકવાર મજબૂત બની રહી છે.

## હાવડા, સિલદાહ અને મેટ્રોને બંડખોરો ટાર્ગેટ બનાવી શકે

કોલકત્તા,તા. ૨૯

ઈસ્ટર્ન રેલવે દ્વારા યાદીમાં જણાવવામાં આવ્યું છે કે હાવડા, સિલદાહ, કોલકત્તા અને મેટ્રો રેલવે સ્ટેશન સહિત મહત્વપૂર્ણ સ્ટેશનને માઓવાદીઓ ટાર્ગેટ બનાવી શકે છે. ઈસ્ટર્ન રેલવે દ્વારા જારી કરવામાં આવેલી યાદીમાં કહેવામાં આવ્યું છે કે એવી માહિતી મળી છે કે માઓવાદી જુદા જુદા સ્થળ પર હુમલા કરી શકે છે. ખાસ કરીને ટ્રેનોને ટાર્ગેટ બનાવવામાં આવી શકે છે. તમામ જગ્યાએ હવે સુરક્ષા મજબુત કરવામાં આવી છે. રતનપુર અને કજરા રેલવે સ્ટેશન જેવા ઈસ્ટર્ન રેલવેના કેટલાક રેલવે સ્ટેશન પર માઓવાદી પોસ્ટર પણ મળી આવ્યા છે. જેનાથી સાબિતી મળે છે કે ત્રાસવાદીઓ હુમલાને અંજામ આપી શકે છે. યાદીમાં જણાવવામાં આવ્યુ છે કે પંજાબના ગુરદાસપુર જિલ્લામાં ત્રાસવાદી હુમલો કરવામાં આવ્યા બાદ વધારાના સુરક્ષા પગલા લેવામાં આવ્યા છે. યાદીમાં કહેવામાં આવ્યું છે કે માઓવાદીના સોફ્ટ ટાર્ગેટ તરીકે રેલવે હોઈ શકે છે. આમાં મોટી ખુવારી પણ થઈ શકે છે. દેશભરમાં હાલમાં માઓવાદી ઉપરાંત ત્રાસવાદી હુમલાનો ખતરો તોળાઈ રહ્યો છે. આવી સ્થિતીમાં ટ્રેન મુખ્ય ટાર્ગેટ હોઈ શકે છે. ઈસ્ટર્ન રેલવે દ્વારા હવે હાવડા, સિલદાહ, કોલકત્તા અને મેટ્રો રેલવે સ્ટેશન ખાતે સુરક્ષા વધારી દેવામાં આવી છે. ટ્રેનોમાં પણ હવે ચકાસણી કરવામાં આવી રહી છે. કોઈ પણ સ્થિતીને પહોંચી વળવા માટેની તૈયારી હોવાનો દાવો સુરક્ષા દળો દ્વારા કરવામાં આવ્યો છે.

## તાલિબાનનો લીડર મુલ્લા ઉંમર મરી ચુક્યો : રિપોર્ટ

કાબૂલ,તા. ૨૯

આતંકવાદી સંગઠન તાલિબાનના ચીફ મુલ્લા મોહમ્મદ ઉંમરના મોતના અહેવાલ મળ્યા છે. અફઘાનિસ્તાનના એક પત્રકાર દ્વારા આ મુજબનો દાવો કરવામાં આવ્યો છે. અફઘાનિસ્તાનના આ પત્રકારે કહ્યું છે કે, મુલ્લા ઉંમર મરી ચુક્યો છે. અફઘાન સરકાર અને પાકિસ્તાનની સરકારે પણ આ અહેવાલને સમર્થન આપી દીધું છે. પત્રકાર ફકરુદ્દીન કારીઝાદાએ પોતાના ફેસબુક ટાઈમલાઈન પર પોસ્ટમાં કહ્યું છે કે, અફઘાનિસ્તાન સરકારે એક સિક્યુરિટી મિટિંગમાં કહી દીધું છે કે, મુલ્લા ઉંમર મરી ચુક્યો છે. અત્રે ઉલ્લેખનીય છે કે, મુલ્લા ઉંમરના મોતના અહેવાલ અગાઉ પણ અનેક વખત આવી ચુક્યા છે પરંતુ ત્યારે પણ તેના મોતને સમર્થન મળ્યું ન હતું. અલબત્ત કોઈને આ અંગે માહિતી ન હતી કે, મુલ્લા ઉંમર જીવિત છે કે મરી ગયો છે. ૯૦ના દશકમાં જ્યારે



અફઘાનિસ્તાનમાં તાલિબાને શાસન જમાવ્યું હતું ત્યારે મુલ્લા ઉંમરને તેમના સમર્થકોએ મુસ્લિમોના નેતા તરીકે જાહેર કર્યા હતા. ૧૯૯૬માં અલકાયદા જેવા મોટા સંગઠનોની સાથે સાથે અફઘાનિસ્તાન અને પાકિસ્તાનમાં અનેક નાના મોટા ત્રાસવાદી સંગઠનો અને હથિયાર ધરાવનાર ગ્રુપો દ્વારા મુલ્લા ઉંમરને નેતા તરીકે સ્વીકારી લેવાયા હતા. વર્ષ ૨૦૦૧માં અફઘાનિસ્તાન પર અમેરિકાએ હુમલા કર્યા હતા ત્યારબાદ મુલ્લા ઉંમર ગાયબ થઈ ગયો હતો. ત્યારબાદ તે ક્યારેય સપાટી ઉપર આવ્યો ન હતો. તેને કોઈએ જોયો હોવાનો દાવો પણ કોઈએ કર્યો ન હતો. કોઈ ઈન્ટરવ્યુ અને ફોટાઓ પણ સપાટી ઉપર આવ્યા ન હતા જેથી તેને લઈને ભારે સસ્પેન્સની સ્થિતિ ઉભી થઈ હતી. જ્યારે ઈરાક અને સિરિયા આતંકવાદી સંગઠન ઈસ્લામિક સ્ટેટની બાબતો સપાટી ઉપર આવી અને અબુ બકરે પોતાને ખલીફા તરીકે જાહેર કર્યો ત્યારે એવી શંકા થઈ હતી કે, તે મરી ચુક્યો છે. અનેક તાલિબાની કમાન્ડર ઈસ્લામિક સ્ટેટ સાથે પોતાને જોડી ચુક્યા છે. તહેરિકે તાલિબાન પાકિસ્તાને પણ આઈએસમાં સામેલ થવાની જાહેરાત કરી હતી.

## અતીતની આજ (પાના નં. ચોથાનું ચાલું...)

આપણા ઘરમાં જ રહો. મા મદ્રાસ આવીને રહેશે તો બીજાં સગાંવહાલાં પણ આવતાં થશે અને અમારું નામ ખરાબ કરશે.' કામરાજ જીવ્યા ત્યાં લગી સાહ્યબીને બદલે સાદગીથી જીવ્યા. સરદાર પટેલે પોતાનાં સંતાનોને અને ખાસ કરીને પુત્ર ડાહ્યાભાઈને 'હું સરકારમાં છું ત્યાં લગી દિલ્હીની આસપાસ નહીં ફરકવાની' જે સલાહ આપી હતી એવું જ આચરણ કામરાજનું રહ્યું છે.

જુલાઈ ૨૦૧૫માં કૉંગ્રેસના સદ્ગત રાષ્ટ્રીય અધ્યક્ષ કે.કામરાજની જન્મજયંતી ઉજવવાનો ઉત્સાહ દાખવનાર ભારતીય જનતા પક્ષને હજુ ગયા વર્ષ સુધી આવી ઉજવણીનો વિચાર આવ્યો નહોતો. હવે આવું એકાએક કાં હૃદયપરિવર્તન ? તમિળનાડુમાં વસતા નિવૃત્ત આઈએએસ અધિકારી અને જાણીતા લેખક એમ.જી.દેવસહાયમને અમે સીધું જ પૂછ્યું, તો એમનો ઉત્તર હતોઃ "અત્યાર લગી તમિળનાડુમાં માત્ર કન્યાકુમારી જિલ્લા પૂરતો જ ભાજપનો પ્રભાવ છે. અહીંથી ચૂંટાયેલા રાજ્યના એકમાત્ર ભાજપી સાંસદ પોની રાધાકૃષ્ણન કેન્દ્રમાં રાજ્ય પ્રધાન છે. એમના કૅબિનેટ મંત્રી નીતિન ગડકરીને અહીં લાવીને વિવિધ યોજનાઓની જાહેરાતો કરાવીને લોકોને પ્રભાવિત કરવાની કોશિશ કરે છે. રાજ્યમાં નાડાર પ્રજાનું પ્રમાણ સૌથી વધુ છે. કૉંગ્રેસ અને પ્રાદેશિક પક્ષોની પ્રતિષ્ઠા લોકોની નજરમાં તળિયે ગયેલી છે એટલે ભાજપ આ ખાલીપાનો લાભ લેવાની કોશિશ કરે છે. કન્યાકુમારીમાં તો હિંદુ નાડાર અને ખ્રિસ્તી નાડાર વચ્ચે અથડામણો સર્જીને ભાજપ લાભ ઊઠાવવામાં સફળ થાય છે, પણ આખા તમિળનાડુમાં એવું શક્ય બને તેમ નથી. એટલે મુખ્યમંત્રી જે.જયલલિતાની અન્નાદ્રુમક સાથે એમજીઆર ફૉમ્યુલા મુજબની સમજૂતી સાધવાની કોશિશમાં છે." એમજીઆર ફૉર્મ્યુલા અગાઉ કૉંગ્રેસ સાથેના જોડાણની હતી. સંસદની ચૂંટણીમાં બે-તૃતીયાંશ બેઠકો રાષ્ટ્રીય પક્ષને ફાળવાય, જ્યારે વિધાનસભાની ચૂંટણીમાં બે-તૃતીયાંશ બેઠકોપ્રાદેશિક પક્ષને ફાળવાય. સુપ્રીમમાં ભ્રષ્ટાચારના કેસમાં જયલલિતાને મોદીની ગરજ છે. ભાજપને બેઉ હાથમાં લાડુ છે.

તમિળનાડુના અધિક મુખ્ય સચિવ તરીકે નિવૃત્ત થયેલા ગુજરાતી આઈએઅસ અધિકારી ડી.કે.ઓઝાને 'ભાજપના આ ડિંડવાણામાં સિદ્ધાંતોની નહીં, સ્વાર્થી રાજકારણ અને ફાયદાની ગણતરીઓ' દેખાય છે. મોદીકારણમાં જે પાણીએ મગ ચડે તે ખેલ કરવાનું થતું જોવા મળે છે. છેક ઉત્તરમાં જમ્મૂ-કાશ્મીરના લડાખમાં સિંધુ દર્શનની યાત્રાઓ યોજાનારા ઉત્તરાખંડના ભાજપી સાંસદ (રાજ્યસભા) તરુણ વિજય પાસી છેલ્લાં બે વર્ષથી તમિળ કવિ-ચિંતક તિરુવેલ્લુવરની યાત્રાઓ કાઢવા ઉપરાંત તમિળ ભાષાના મહાત્મ્યને વધારવા મેદાને પડ્યા છે. તેમણે તો તિરુવેલ્લુવરનું તૈલચિત્ર સંસદમાં મૂકાવાની ખાતરી આપી છે. તરુણ વિજયના કાર્યક્રમોમાં કન્યાકુમારીના સાંસદ અને કેન્દ્રના રાજ્યમંત્રી રામકૃષ્ણન કે પછી તમિળનાડુ ભાજપનાં અધ્યક્ષા ડૉ.તમિળીસાઈ સુંદરરાજનની ઉપસ્થિતિ એમના રાજકીય ઈરાદાઓને પ્રગટ કરે છે. ડૉ.તમિળીસાઈના પિતાશ્રી કુમારી અનુથન તમિળનાડુ કૉંગ્રેસના પૂર્વ અધ્યક્ષ અને સાંસદ રહ્યા છે. કૉંગ્રેસમાં અન્યાય થતો હોવાની ફરિયાદો કરીને એમણે અનેકવાર પ્રાદેશિક પક્ષો રચીને પાછા કૉંગ્રેસમાં ભેળવ્યા છે. એમની ગાયનેક-દીકરી તમિળનાડુમાં મોદી રથની પતાકા લહેરાવા મેદાને પડી છે. હજુ આવતા દિવસોમાં તમિળનાડુ, પશ્ચિમ બંગાળ, બિહાર અને ઉત્તર પ્રદેશની વિધાનસભાની ચૂંટણીઓ જેમ જેમ નજીક આવતી જશે તેમ અનેક નવાં રાજકીય સમીકરણો અને કજોડાં જોવા મળવાનાં.

## મનના ઉમંગો (પાના નં. ૪ નું ચાલુ)

એવું કાંઈ નહીં
હવે પહેલો વરસાદ અને બીજો વરસાદ અને છેલ્લો વરસાદ
એવું કાંઈ નહીં!
હવે માટીની ગંધ અને ભીનો સંબંધ અને મધમધતો સાદ,
એવું કાંઈ નહીં!
સાવ કોરું કટાક આભ, કોરોકટાક મોતી, કોરાં કટાક બધાં નળિયાં,
સાવ કોરી અગાસી અને તે ય બારમાસી, હવે જળમાં ગણો તો
ઝળઝળિયાં!
ઝીણી ઝરમરનું ઝાડ, પછી ઉજળો ઉઘાડ પછી ફરફરતી યાદ,
એવું કાં નહીં!
હવે પહેલા વરસાદ અને બીજો વરસાદ અને છેલ્લો વરસાદ
એવું કાંઈ નહીં!
કાળું ભમ્મર આકાશ મને ઘેઘુર બોલાશ સંભળાવે નહીં,
મોર આઘે મોભારે કયાંક ટહુકે તે મારે ઘેરે આવે નહીં.
આછા ઘેરા ઝબકારા, દૂર સીમે હલકારા લઈને આવે ઉન્માદ.
એવું કાંઈ નહીં!
હવે પહેલો વરસાદ અને બીજો વરસાદ અને છેલ્લો વરસાદ
એવું કાંઈ નહીં!
કોઈ ઝૂમી ઝરૂખે સાવ કજળેલા મુખે વાટ જોતું નથી,
કોઈ ભીની હોવાથી શ્વાસ ઘૂંટીને આનભાન ખોતું નથી.
કોઈના પાલવની ઝૂલ, ભીની ભીની થાય ભૂલ, રોમેરોમ સંવાદ
એવું કાંઈ નહીં!
હવે પહેલો વરસાદ અને બીજો વરસાદ અને છેલ્લો વરસાદ
એવું કાંઈ નહીં!

- ભગવતીકુમાર શર્મા